For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સપનાંના વાવેતર

# ગયા બજેટની મોટા ભાગની જાહેરાત કાગળ પર જ રહી

**ડ્રેનેજમાં** જીઆઇએસ મેપિંગ સિસ્ટમ, કોટ વિસ્તારમાં આઇકોનિક રોડ, રસ્તાના હિસ્ટ્રીકાર્ડનાં ગુલાબી સપનાં સુરતીઓને બતાવાયાં હતાં

સુરતઃ સુરત મહાનગરપાલિકાના કમિશનર આજે વર્ષ 2026-27 માટેના ડ્રાફ્ટ બજેટની જાહેરાત કરશે. ચૂંટણીનું વર્ષ હોવાને કારણે આ બજેટમાં શહેરજનોને આકર્ષે તેવા અનેક લોકલુભાવન પ્રોજેક્ટ્સ અને યોજનાઓની ભરમાર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. મોટા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ, નવા રોડ, બ્રિજ, ગાર્ડન, રમતગમત અને નાગરિક સુવિધાઓને લઈને

...અનુસંધાન પાના 5 પર

## આ મહત્ત્વના પ્રોજેક્ટ હજુ અટવાયેલા છે

- સરથાણામાં રંગોલી ચોકડી ખાતે રૂ.50 કરોડના ખર્ચે ફ્લાયઓવર બ્રિજ
- રાંદેર ઝોનના વરિયાવ ખાતે ખાડી બ્રિજ
- ભેદવાડ ખાડી પર 11 કિ.મી. સુધી બેંક પ્રોટેક્શન
- કોટ વિસ્તારમાં પહેલીવાર આઈકોનિક રોડ બનાવવાનો પ્રોજેક્ટ
- સિંગણપોર વિયરથી કઠોર સિટી લિમિટ સુધી વોટર મેટ્રોની ફિઝિબિલિટી રિપોર્ટ
- નાગપુર બાદ દેશનું બીજું ફાયર એકેડમી
- શહેરનાં તમામ ઘરો પર ક્યુઆર કોડ લગાવવાનું કામ હજુ પાયલટ પ્રોજેક્ટ પૂરતું સીમિત છે
- પુરુષો માટે સ્વરોજગાર જૂથો અને શહેરી આજીવિકા કેન્દ્રો
- તાપી પર બનનારા કન્વેન્શિયલ બરાજે હજુ ગતિ પકડી નથી
- આઉટર રિંગ રોડ ફેઝ-૨ પણ ગતિ પકડતા નથી
- સ્મીમેરમાં ICU બેડનો વધારો
- ઈ-વિદ્યા થકી સુરત મનપા આઇસીસીસી ખાતેથી મનપાની સ્કૂલ્સનું મોનિટરિંગ કરવામાં આવશે
- રસ્તાઓ પર નજર રાખવા રોડ ઇન્સ્પેક્શન શેલ અને રસ્તાનાં હિસ્ટ્રી કાર્ડ બનશે
- સમગ્ર ભારતમાં પ્રથમ વાર ઇનોવેટિવ મ્યુનિસિપલ ફાયનાન્સ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટનું આયોજન
- ડુમસ સી ફેસ ડેવલોપ અંતર્ગત પીપીપી ધોરણે નવા આઇકોનિક ટુરિઝમ પ્રોજેક્ટનું આયોજન
- સુરતને ટુરિસ્ટ સિટી તરીકે પ્રસ્થાપિત કરવા માટે વિવિધ આયોજનો
- શાળા તથા કોલેજો અને સોસાયટી, માર્કેટ, કોમર્શિયલ વિસ્તારોમાં સ્વચ્છતા સુપર લીગનું આયોજન
- 5R સિદ્ધાંત મુજબ શહેરનાં જાહેર સ્થળોએ પ્લાસ્ટિક બોટલ રિવર્સ વેન્ડિંગ મશીનો મૂકવાનું આયોજન
- ઐતિહાસિક ગાંધી બાગનું રિનોવેશન
- ડ્રેનેજમાં જીઆઇએસ મેપિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરી 80 હજારથી વધુ ચેમ્બર ટ્રેક કરવી
- અઠવા ઝોનમાં જોગર્સ પાર્કનું રિ-ડેવલપમેન્ટ (ટેન્ડર મંજૂર થઇ ગયું છે)
- સરથાણા ઝોનમાં નાઇટ બજારનું આયોજન (અંદાજ મંજૂર થઇ ગયા છે)

## આજે સુરત મનપાનું વેરા વધારા વગરનું ડ્રાફ્ટ બજેટ રજૂ થશે

**ચૂંટણીનું** વર્ષ હોવાથી રાજ્ય સરકારની સૂચનાથી બજેટનો ડ્રાફ્ટ તૈયાર કરતા પહેલા શાસકો સાથે સંકલન બેઠક પણ યોજવામાં આવી

**છેલ્લાં** બે વર્ષની જેમ રેવન્યુ સરપ્લસ અને પુરાંતવાળું બજેટ જાળવી રાખવાનો નવા કમિશનર સમક્ષ પડકાર

સુરતઃ આ વરસે સુરત મનપાની ચૂંટણી હોવાથી, ચૂંટણી પુર્વેના છેલ્લા બજેટનો ડ્રાફટ નવા કમિશનર એમ. નાગરાજન મગળવારે સવારે 11 કલાકે રજૂ કરશે. પ્રથમ વખત એવું બની રહ્યું છે કે, ચૂંટણીનું વર્ષ હોવાથી કમિશનર એમ.નાગરાજને મુખ્યમંત્રીની સુચના

...અનુસંધાન પાના 5 પર

### બજેટને 6 અને 7 ફેબ્રુઆરીએ સ્થાયીમાં, 16 અને 17 ફેબ્રુઆરીએ સામાન્ય સભામાં મંજૂરી અપાશે

મનપા કમિશનર દ્વારા ડ્રાફ્ટ બજેટ જાહેર થયા બાદ શાસક પક્ષના કોર્પોરેટરો, ધારાસભ્યો અને વોર્ડ સંગઠન તરફથી મળનારા સૂચનોના આધારે સુધારાઓ અને ચૂંટણી વર્ષને અનુરૂપ પ્રજાલક્ષી રાહતો તથા નવા પ્રોજેક્ટ્સનો સમાવેશ કરીને સ્થાયી સમિતિ દ્વારા 6-7 ફેબ્રુઆરીના રોજ બજેટ બેઠક યોજાય તેવી શક્યતા છે. ત્યારબાદ મનપાની બજેટ બોર્ડ 16-17 ફેબ્રૂઆરીના રોજ યોજાય તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. ચૂંટણીનાં માહોલ વચ્ચે કર વધારો ટાળીને રજૂ થતું આ બજેટ પ્રજાલક્ષી રાહતો આપે છે કે વિકાસ ખર્ચમાં કાપ સાથે સમતોલ સાધે છે, તે આવતીકાલે સ્પષ્ટ થશે.



# મધમાખીના અસ્તિત્વ પર ખતરો

**મધ** ઉત્પાદન માટે સપ્ટેમ્બરથી મેની સિઝન, પણ અનિયમિત હવામાનથી ઉત્પાદન પર બ્રેક

**કુદરતી** માખીઓના લુપ્ત થવા કે ઘટવા માટેનું મુખ્ય કારણ પેસ્ટીસાઈડનો વધતો ઉપયોગ છે

ગુજરાતમિત્ર વિશેષ

સુરતઃ ગ્લોબલ વોર્મિંગ અને સતત બદલાતા હવામાનનો પ્રભાવ હવે માત્ર માનવજીવનથી આગળ વધી કુદરતના નાનામાં નાના જીવ સુધી જોવા મળી રહ્યો છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં પરાગનયન અને પરાગરજની પ્રક્રિયા મંદ પડવા સાથે મધમાખીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના સીધા પરિણામે વિતેલા કેટલાંક વર્ષોમાં મધ ઉત્પાદન 30થી 40 ટકા ઘટી રહ્યું છે.

સામાન્ય રીતે મધમાખીઓ સપ્ટેમ્બરથી મે મહિના દરમિયાન પરાગનયન દરમિયાન ફૂલોમાંથી પરાગરજ મેળવી રસ એકત્ર કરી મધ બનાવે છે. આ એક કુદરતી જીનજંતુ સૃષ્ટિની નિરંતર પ્રક્રિયા મનાય છે. પરંતુ હવે ક્યારેક અચાનક ગરમી તો ક્યારેક વરસાદ, અતિ ઠંડી અને અતિ ગરમી જેવી પરિસ્થિતિઓ સર્જાતા જીવજંતુની સૃષ્ટિમાં પણ વિપરીત અસરો દેખાવા લાગી છે. ખાસ કરીને વિતેલા કેટલાંક સમયથી સુરત અને દક્ષિણ ગુજરાતના મધમાખી ઉછેર કેન્દ્રમાં મધનું ઉત્પાદન ઘટી રહ્યું હોવાની બૂમ સંભળાઇ રહી છે. આ માટે જવાબદાર મધ કલેક્ટ કરતી મુખ્ય માખી છે. આ માખીઓની સંખ્યા જેમ વધારે તેમ મધ પુષ્કળ

...અનુસંધાન પાના 5 પર

### મધમાખીનું અસ્તિત્વ ખતરામાં રહેશે તો આ ફળો અને શાકભાજી પણ મળવા મુશ્કેલ



■ સફરજન ■ તરબુચ ■ ટેટી ■ તુરીયા ■ ભીંડા ■ પરવર ■ પપૈયા ■ કાકડી ■ લિંબુ ■ મોસંબી

### આ પ્રજાતિની માખીઓ વધુ મધ ઉત્પાદન કરી રહી છે

મધમાખીઓના અનેક પ્રકારો છે. જેમાં જંગલી માખીઓ ઉપરાંત ટ્રાયગોન, ઇન્ડિકા અને મેલીફેરા જેવી પ્રજાતિઓ સામેલ છે. આ ત્રણેય પ્રકારની માખીઓ અંધારામાં રહેવાનું પસંદ કરે છે અને બંધ બોક્સમાં મધ તૈયાર કરે છે. હાલ સૌથી વધુ મધ ઉત્પાદન આ માખીઓ દ્વારા થઈ રહ્યું છે. દક્ષિણ ગુજરાતના જંગલ વિસ્તારોમાં ટ્રાયગોન અને ઇન્ડિકા પ્રજાતિ જોવા મળે છે, જ્યારે મેલીફેરા વિદેશી (યુરોપિયન) પ્રજાતિ છે, જે છ મહિના સક્રિય રહી મધ બનાવે છે અને બાકીના છ મહિના આરામ કરે છે.

### રોક-બી સહિત કુદરતી માખીઓ લુપ્ત થવાની કગાર પર

રોક-બી (Rock Bee) માખી સૌથી ઉત્તમ અને કુદરતી ગણાય છે, જે ઇમારતો, ઝાડો, ગાર્ડન તેમજ પાણીની ટાંકી પર મધપુડા બનાવે છે. જો કે આ માખીઓ અત્યંત ઝેરી હોવાથી લોકોમાં ડર પણ રહે છે. કચ્છ વિસ્તારમાં એક સમયે મોટી સંખ્યામાં જોવા મળતી રોક-બી માખીઓ છેલ્લા એક દશકમાં લગભગ લુપ્ત થઈ ગઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી દશકમાં દક્ષિણ ગુજરાતમાં પણ આ માખીઓનું અસ્તિત્વ શોધવું મુશ્કેલ બની જશે.

### એક પેટીમાંથી મળતું કુલ મધ પણ ઘટ્યું



ધરમપુર નજીક રહેતા મધ ઉત્પાદક અશોકભાઈ પટેલે જણાવ્યું કે, અગાઉ મધમાખીઓની એક પેટીમાંથી 40થી 50 કિલોગ્રામ મધ મળતું હતું, જે હવે ઘટીને 25થી 30 કિલોગ્રામ સુધી પહોંચી ગયું છે. મોટી અને કુદરતી માખીઓની સંખ્યા સતત ઘટી રહી છે, તેનું મુખ્ય કારણ પેસ્ટીસાઈડ હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### ધાણા, તલ અને રાયનાં ફૂલો છોડે છે મધ

મધમાખીઓ સામાન્ય રીતે રસ (નેક્ટર) વધુ હોય એવા ફૂલોમાંથી મધ લે છે. આપણા ગુજરાત, દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ખાસ કરીને ધાણા, તલ, રાય / સરસવ, કપાસ, સૂર્યમુખી, મગ, ચણા, તુવર, ડુંગળીના ફૂલોમાંથી વધુ મધ એકત્ર કરે છે. જ્યારે જંગલી અને વનસ્પતિના બોર (બેરી), કરંજ, બાવળ, લીમડો, ગલગોટા, સફેદ બાવળ, મહુડો (મહુઆ), પલાશના ફુલોમાંથી મધ એકત્ર કરે છે. બગીચા અને શોભાના ગુલાબ, ગલગોટા, ચાંદની, મોગરો અને સૂર્યમુખીના ફુલોમાંથી મધ એકત્ર કરે છે. ખાસ વાત એ છે કે મધમાખીઓ એક જ પ્રકારના ફૂલ પર વધારે સમય રહે છે, જેથી “મોનો-ફ્લોરલ હની” (જેમ કે સરસવ મધ, મહુડો મધ) બને છે.

## તડકેશ્વરમાં જેણે ટાંકી બનાવી હતી તે જ કોન્ટ્રાક્ટરનું કામ ચાલતું હતુ

# વધુ એક નિર્માણાધિન ટાંકીના સેન્ટિંગનું સ્ટ્રક્ચર ધરાશાયી

**ટાંકીના** પ્લાસ્ટરનો ભાગ પણ સેન્ટિંગના ભાગ સાથે નીચે પડતાં દોડધામ મચી ગઇ

**ટાંકી** રોડનું માર્જીન છોડ્યા વિના અડીને જ બનાવાઇ હોવાથી જોખમી હોવાની વાતો ચાલી હતી



વલસાડ : સુરતમાં પાણીની ટાંકી તૂટ્યા બાદ તે જ કોન્ટ્રાક્ટર દ્વારા વલસાડના કલ્યાણબાગમાં બની રહેલી ટાંકીની ગુણવત્તા સામે સવાલો ઉઠ્યા હતા. આ ટાંકી રોડનું માર્જીન છોડ્યા વિના અડીને જ બનાવાઇ હોવાથી જોખમી હોવાની વાતો ચાલી રહી હતી. ત્યારે આજરોજ

...અનુસંધાન પાના 5 પર

### ભાજપ તેરી ભ્રષ્ટાચારી નહીં ચલેગી, નહીં ચલેગીના કોંગ્રેસના નારા



વલસાડમાં પાણીની ટાંકીનું સેન્ટીંગનું સ્ટ્રક્ચર તૂટતા યુથ કોંગ્રેસના નેતાઓ પહોંચી ગયા હતા. અને ઘટનાના વિરોધમાં ધરણાં પર બેસી ગયા હતા. તેમણે ભાજપ તેરી ભ્રષ્ટાચારી નહી ચલેગી નહીં ચલેગી તેમજ વિકાસ ખાડે ગયોના નારા સાથે ભાજપનો હુરિયો બોલાવ્યો હતો. શરૂઆતમાં તેઓ જ્યારે ટાંકી નજીક બેઠા ત્યારે ઉપરથી તેમની નજીક જ એક પતરૂં પડ્યું હતુ. જેમની સુરક્ષા માટે રૂરલ પીઆઇ ગઢ્ઢુએ તેમને કોર્ડન કરેલી જગ્યા બહાર

...અનુસંધાન પાના 5 પર

### આ પાણીની ટાંકી જયંતી સુપર કન્સ્ટ્રક્શન દ્વારા બનાવાતી હતી

સુરત માંડવીના તડકેશ્વર ગામે જે ટાંકી તૂટવાનો બનાવ બન્યો ત્યારે તેનું નિર્માણ કરતી મહેસાણાની એજન્સી જયંતિ સુપર કન્સ્ટ્રક્શનની સામે ભારે આક્રોષ ઠલવાયો હતો. વલસાડની કલ્યાણબાગની ટાંકી પણ આ

...અનુસંધાન પાના 5 પર

### જીયુડીસીના અધિકારી અંકુર પટેલ નિરીક્ષણ કરતા હતા

વલસાડ કલ્યાણબાગની ટાંકી પડી ત્યારે તેનું સુપરવિઝન જીયુડીસીના એન્જિનિયર અંકુર પટેલ કરતા હોવાનું જાણવા મળ્યું છે. વલસાડમાં તેમની કચેરી જ ન હોવાનું પણ

...અનુસંધાન પાના 5 પર

### ઘટનાની તપાસ કરાશે : કલેક્ટર ભવ્ય વર્મા

આ સંદર્ભે વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ જણાવ્યું કે, કલ્યાણબાગમાં રૂપિયા 11 કરોડના ખર્ચે પાણીની ટાંકી અને સંપનો પ્રોજેક્ટ તૈયાર થઇ રહ્યો

...અનુસંધાન પાના 5 પર

# ચોર્યાસી-ઓલપાડ મંડળીનો નીરો બિનઆરોગ્યપ્રદ

**નીરામાં** ટોટલ સુગરનું પ્રમાણ મીનીમમ 13.0% કરતા પણ ઓછું

સુરત : શિયાળાની સિઝન શરૂ થતાં જ સુરતમાં નીરાના વેચાણમાં ઉછાળો જોવા મળે છે ત્યારે નીરામાં ભેળસેળની ફરિયાદો ફરી સામે આવી છે. ખાણીપીણીના શોખીન સુરતીલાલાઓમાં નીરાનું સેવન વધી જતાં સુરત મહાનગર પાલિકાના ફૂડ વિભાગે તાજેતરમાં શહેર અને આસપાસના વિસ્તારોમાં નીરાનું વેચાણ કરતી સંસ્થાઓમાંથી સેમ્પલ એકત્ર કરી તપાસ માટે મનપાની લેબોરેટરીમાં મોકલ્યા હતા.

લેબ રિપોર્ટ મુજબ બે સંસ્થાઓ – ચોર્યાસી તાલુકા નીરા કેન્દ્ર તથા ઓલપાડ તાલુકા નીરા કેન્દ્ર અને તાડગોળ ઉત્પાદન સહકારી મંડળી ના નીરાના સેમ્પલ ફેઈલ ગયા હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં સામે આવ્યું કે આ સેમ્પલ ફુડ એન્ડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ 2006ના ધારાધોરણો

...અનુસંધાન પાના 5 પર

## છેડતીના કિસ્સામાં FIR વિના પણ હું શિક્ષા કરાવીશઃ ધારાસભ્ય મોરડિયાના વિવાદી બોલ

# કાયદો બનાવનારને જ ‘કાયદા’ પર વિશ્વાસ નથી રહ્યો!

**દીકરી** કોઇપણ સમાજની હોય, 24 કલાકમાં આરોપીને જેર કરવાની જવાબદારી મારી, કોઇને કાનોકાન ખબર નહીં પડે

સુરતઃ સુરતમાં યોજાયેલા વાટલીયા પ્રજાપતિ સમાજના 68મા સમૂહ લગ્નોત્સવ દરમિયાન કતારગામના ધારાસભ્ય વિનુ મોરડીયાએ દીકરીઓની સુરક્ષા મુદ્દે અત્યંત આક્રમક અને કડક નિવેદન આપ્યું હતું. 1 ફેબ્રુઆરીના રોજ યોજાયેલા આ સમારંભમાં મંચ પરથી બોલતાં તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ સમાજની દીકરી હોય, તેની સુરક્ષાની જવાબદારી મારી એકલાની છે અને સામે ગમે તેટલી વગ ધરાવતો વ્યક્તિ કેમ ન હોય, તેને છોડવામાં નહીં આવે. જો કે ધારાસભ્યના આ નિવેદનથી હવે કાયદો બનાવનારાઓને પણ કાયદામાં વિશ્વાસ નહીં રહ્યો હોવાની ચર્ચા ઉઠી છે.

ધારાસભ્ય વિનુ મોરડીયાએ કહ્યું હતું કે, દીકરીઓની છેડતી કે અસામાજિક પ્રવૃત્તિઓના કેસમાં માત્ર મારા સુધી વાત પહોંચાડી દેજો, પછી સામે પોલીસ સાથે ઓળખાણ હોય કે ધારાસભ્ય સાથે, કોઈને પણ છોડીશ નહીં. તેમણે દાવો કર્યો હતો કે, 24 કલાકની અંદર આરોપીને “જેર” કરવાની જવાબદારી હું લઉં છું અને જરૂર પડે તો “વગર એફઆરઆઈએ શિક્ષા” પણ કરવામાં આવશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, જો તેમનો અંગત માણસ પણ ગુનો કરશે તો તેને પણ નહીં છોડવામાં આવે. કતારગામમાં અગાઉ અલગ-અલગ નામે ગેંગો કાર્યરત હતી અને તેની છત્રછાયામાં બહેન-દીકરીઓની છેડતી થતી હતી, પરંતુ છેલ્લા આઠ વર્ષમાં એક પણ ગેંગને રહેવા દેવામાં આવી નથી એવો દાવો પણ તેમણે કર્યો હતો.

...અનુસંધાન પાના 5 પર

## ગજેરાબંધુ અને અનિલ બગદાણાને ત્યાંથી IT વિભાગે શંકાસ્પદ ડોક્યુમેન્ટ્સનાં પોટલાં બાંધી દીધાં

# અનિલ બગદાણાની તપાસમાં સટ્ટાખોર મુન્ના ઓલપાડીનું કનેક્શન મળ્યું

**અનિલ** બગદાણાને ત્યાંથી વિદેશી ફંડિંગનાં બિનહિસાબી ડોક્યુમેન્ટ મળ્યાં અને રેલો અડાજણના ફાઈનાન્સર કમ સટ્ટાખોર બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડી સુધી પહોંચ્યો

**ટોચના** બુકીઓ સાથે પણ સંબંધ ધરાવતો ફાઈનાન્સર બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડીનો મોટા બિલ્ડરો સાથે ઘરોબો

**છ** દિવસની તપાસનો ધમધમાટ લગભગ શાંત પડ્યો, સંદિગ્ધ ડોક્યુમેન્ટ્સ હવે આવકવેરા વિભાગના કબજામાં

સુરતઃ આખરે છ દિવસના ધમધમાટ બાદ સુરત આવકવેરા વિભાગે ગજેરાબંધુ અને અનિલ બગદાણા સહિતનાને ત્યાં સર્ચની કાર્યવાહી મોટાભાગના સ્થળેથી આજે બપોર બાદ આટોપી લીધી

...અનુસંધાન પાના 5 પર

### મુન્નો ઓલપાડી સુરત જ નહીં દેશનો મોટો સટ્ટાખોર

ફાઈનાન્સર બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડીએ એક બિલ્ડરના પ્રોજેક્ટમાં કરોડો રૂપિયાની રોકડ રકમ ચૂકવીને આખી ઓફિસ ખરીદી હતી. ટોચનાં બિલ્ડરો સાથે ઘરોબો ધરાવતાં ફાઈનાન્સર બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડી દેશનાં ટોચનાં બુકીઓ સાથે પણ સંબંધ ધરાવે છે. સુરતના અડાજણ-પાલ વિસ્તારમાં બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડીની ઓફિસ અને રહેણાંક સ્થળોની તપાસમા કરોડો રૂપિયાના બિનહિસાબી વ્યવહારો મળ્યાં હોવાનું કહેવાય છે. આ દરોડાને પગલે રોકડમાં ફાયનાન્સ

...અનુસંધાન પાના 5 પર

### બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડી સાથે કનેક્શન ધરાવનારાઓમાં ભાગમભાગ

બ્રિજેશ ઠક્કર ઉર્ફે મુન્ના ઓલપાડીને ત્યાં તપાસમાં જમીનના ધંધા, સટ્ટા અને હવાલાની ત્રણ કડી જોડવાનો પ્રયાસ આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યો છે. રૂપિયા હવાલા મારફત વિદેશ મોકલ્યા

...અનુસંધાન પાના 5 પર

# મધરાતે મહિન્દ્રા BE-6એ પાંચ વાહનોને ઉડાવ્યાં



**અકસ્માત** સર્જનાર વિરલ દેસાઇને ખેંચ આવી હોવાથી ઘટના બની હોવાની કેફિયત

**ચાલક** યુવકને હોસ્પિટલમાં ખસેડાયો, ઘટના મોડી રાત્રે બની હોવાથી જાનહાનિ ટળી

સુરતઃડાયમંડ સિટી સુરતમાં ફરી એકવાર નબીરાના રફતારના શોખને કારણે થયેલા ગમખ્વાર અકસ્માતની ઘટના પ્રકાશમાં આવી છે. ડુમસરોડના અવધ ઉથોપિયા પાસે એક નબીરાએ મહિન્દ્રા BE-6 ઈલેક્ટ્રિક લક્ઝરી કાર પૂરઝડપે ચલાવી પાર્ક કરેલી ત્રણ કાર અને બે મોપેડનો કચ્ચરઘાણ વાળી દીધો હતો.

આ ઘટનાની મળતી માહિતી અનુસાર સુરતના મગદલ્લા-ડુમસ વિસ્તારમાં એરપોર્ટ રોડ પર આવેલા અવધ ઉથોપિયા નજીક 1 ફેબ્રુઆરીની મોડીરાત્રે એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. મહિન્દ્રા BE-6 ઈલેક્ટ્રિક લક્ઝરી કાર પૂરપાટ ઝડપે દોડી રહી હતી ત્યારે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હોવાનું પ્રત્યક્ષદર્શીઓ જણાવી રહ્યા છે. બેકાબૂ બનેલી કારએ રસ્તા કિનારે પાર્ક કરેલી ત્રણ કારને જોરદાર ટક્કર મારી હતી, ત્યારબાદ બે મોપેડને પણ અડફેટે

...અનુસંધાન પાના 5 પર

## ‘ખેંચ’ના બહાને બચાવ? ડુમસ પોલીસની ભૂમિકા સવાલોમાં

**અકસ્માત** પૂર્વે અને સમયે તેની ગતિ કેટલી હતી, ઓવરસ્પીડિંગ કે બેદરકારી એ અંગે સ્પષ્ટતા નથી

સુરતઃ ડુમસ રોડ પર અવધ ઉટોપિયા નજીક થયેલા ગંભીર અકસ્માત બાદ તપાસની દિશા અંગે અનેક પ્રશ્નો ઊઠી રહ્યા છે. પાંચ વાહનોને ટક્કર મારનાર ઇવી કાર ચાલક વિરલ દેસાઈ અંગે ‘ખેંચ’ના કારણને આધાર બનાવી મામલો ઝડપથી આગળ ધપાવાયો હોવાની ચર્ચા છે. પરંતુ શું ઘટના સ્થળે ચાલકની તાત્કાલિક અને વિગતવાર પૂછપરછ કરાઈ? અકસ્માત પૂર્વે અને સમયે તેની ગતિ કેટલી હતી, ઓવરસ્પીડિંગ કે બેદરકારી અંગે કોઈ વૈજ્ઞાનિક તપાસ થઈ કે નહીં તે અંગે સ્પષ્ટતા નથી. સીસીટીવી કેમેરા ચેક કરાયા કે નહીં? જો કરાયા હોય તો તેમાં શું દૃશ્યો સામે આવ્યાં, કારની સ્પીડ, લેન બદલાવ કે અચાનક બ્રેકિંગ

...અનુસંધાન પાના 5 પર

### આ સવાલ શંકા ઉપજાવે છે

- કાર ચાલક વિરલ દેસાઈની ઘટના સ્થળે તાત્કાલિક અને વિગતવાર પૂછપરછ કરાઈ હતી કે નહીં?
- અકસ્માત સમયે કારની સ્પીડ કેટલી હતી. ઓવરસ્પીડિંગ અંગે કોઈ ટેક્નિકલ તપાસ થઈ?
- બેદરકારીપૂર્વક ડ્રાઇવિંગ (રેશ ડ્રાઇવિંગ)ની દિશામાં તપાસ આગળ વધારાઈ કે નહીં?
- સીસીટીવી કેમેરા ચેક કરાયા હતા કે નહીં?
- જો સીસીટીવી ચેક કરાયા હોય તો તેમાં કારની ગતિ, લેન બદલાવ અથવા ટક્કર પહેલાંનાં દૃશ્યો શું આવ્યાં?
- ‘ખેંચ’ની બીમારી અંગે રજૂ કરાયેલા

...અનુસંધાન પાના 5 પર


અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



દસમી માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ




કદી વિચારી ન શકાય તેવી તમારી વિદાય સૌના કાળજા કંપાવી ગઇ, હજુ મન માનતુ નથી કે તમે અમારી વચ્ચે નથી, રડી પડે છે આંખો અમારી જોઇ મીઠી તસ્વીર તમારી. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

બાબુભાઈ ડાહ્યાભાઈ પટેલ
હરીશભાઈ બાબુભાઈ પટેલ
મનીષાબેન હરીશભાઈ પટેલ
ભરતભાઈ બાબુભાઈ પટેલ
નીતાબેન ભરતભાઈ પટેલ
પ્રકાશભાઈ બાબુભાઈ પટેલ
દિવ્યાબેન પ્રકાશભાઈ પટેલ
દીપ, તિલક, મંથન, સ્વ. પાવન

સ્વ. ધનુબેન બાબુભાઇ પટેલ
સ્વ. તા. 03/04/2025
સ્થળ : આભવા ગામ



ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



આપની સહૃદયતા, સાદગી, સૌમ્યતા, સત્કર્મ જેવા સદગુણો દ્વારા અહર્નિશ સર્વેના હૃદયમાં સમાયેલા છો. આપના જીવનમાંથી ઉપરોક્ત સદગુણોને આત્મસાત કરવાનું પરમેશ્વર અમોને સામર્થ્ય આપે તથા પ્રભુ આપના પવિત્ર અને દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ અંતઃકરણની પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. વિમળાબેન સુબોધચંદ્ર શાહ (પ્રમુખ)
નયનાબેન ચેતનકુમાર અમીન (ઉપપ્રમુખ)
અલ્પાબેન ચેતનભાઈ સોની (કમિટી મેમ્બર)
તથા સમસ્ત પારિજાત પ્રગતિ મંડળ

સ્વ. સુબોધચંદ્ર ઉમેદચંદ શાહ
સ્વ.તા. ૩૦-૧-૨૦૨૬